**ધોરણ :– 6** | **વાર્ષિક પરીક્ષા : 2016** | **કુલ ગુણ :– 80**

**વિષય :– સામાજિક વિજ્ઞાન** | **તારીખ :–**

**પ્ર.1 નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો :** **[30]**

1. ઋચાઓના સમુહને શું કહે છે ?
   (a) સ્તુતિ (b) સૂક્ત (c) શક્તિ (d) સમિતિ
2. કયા ઋષિએ બિયાસ અને સતલુજ નદીઓ સાથે સંવાદ કર્યો હતો ?
   (a) વાલ્મીકિએ (b) વસિષ્ઠે (c) સાંદિપનીએ (d) વિશ્વામિત્રે
3. ગુજરાતની સૌથી મોટી નદી કઈ છે ?
   (a) તાપી (b) મહી (c) નર્મદા (d) સાબરમતી
4. નાચેના પૈકી કયું બંદર સૌથી મોટું છે ?
   (a) કંડલા (b) ઓખા (c) વેરાવળ (d) મગદલ્લા
5. નીચેના પૈકી કયું ખનીજ સિમેન્ટ ઉદ્યોગમાં વપરાય છે ?
   (a) ચૂનાનો પથ્થર (b) ડોલોમાઈટ (c) ફ્લોરસ્પાર (d) ગ્રેફાઈટ
6. રાજતંત્ર રાજયવ્યવસ્થામાં કોને પ્રમુખ ગણવામાં આવતો ?
   (a) નાગરિકને (b) પ્રધાનને (c) સેનાપતિને (d) રાજાને
7. ગણરાજયોની રાજયવ્યવસ્થા કયા સ્વરૂપની હતી ?
   (a) લોકશાહી (b) રાજાશાહી (c) સામંતશાહી (d) પ્રમુખશાહી
8. ગુજરાતમાં ટાઈલ્સ ઉદ્યોગ કયાં વિકસ્યો છે ?
   (a) વડોદરા (b) અમદાવાદ (c) મોરબી (d) કંડલા
9. ગુજરાતમાં મગફળાનું સૌથી વધુ ઉત્પાદન કયા જિલ્લામાં થાય છે ?
   (a) જુનાગઢ (b) મહેસાણા (c) રાજકોટ (d) વેરાવળ
10. નીચેના પૈકી કયા પ્રદેશના ઘઉ પ્રખ્યાત છે ?
    (a) ભાલપ્રદેશ (b) ચરોતરપ્રદેશ (c) વાગડપ્રદેશ (d) કાનમપ્રદેશ
11. નગરપાલિકાના વડા કયા નામે ઓળખાય છે ?
    (a) ચીફ ઓફિસર (b) મેયર (c) નગરસેવક (d) પ્રમુખ
12. મેયરની ચુંટણી કેટલાં વર્ષે થાય છે ?
    (a) અઢી વર્ષે (b) ચાર વર્ષે (c) દર વર્ષે (d) સાડાત્રણ વર્ષે
13. મહાવીર સ્વામીનું મુળનામ શું હતું ?
    (a) જિનમાન (b) બુધ્ધિમાન (c) વર્ધમાન (d) સિનમાન
14. સિધ્ધાર્થની પત્નીનું નામ શું હતું ?
    (a) યશોધરા (b) પ્રિયંકા (c) યશોદા (d) લીલાવતિ
15. ગુજરાતમાં તહેવારોની શરૂઆત કયારથી થાય છે ?
    (a) અખાત્રીજ થી (b) દિવાળીથી (c) નવરાત્રિથી (d) હોળીથી
16. નીચેના પૈકી કઈ બાબત અલગ તરી આવે છે ?
    (a) ગણેશચતુર્થી (b) તરણેતરનો મેળો (c) રમજાનઈદ (d) રક્ષાબંધન
17. મધ્યગુજરાતમાં કઈ બોલી બોલાય છે ?
    (a) રાઠવી (b) તળપદી (c) ચરોતરી (d) ગુર્જરી
18. સમ્રાટ અશોકે પોતાનાં પુત્ર–પુત્રીને ધર્મના પ્રચાર માટે કયા દેશમાં મોકલ્યાં હતાં ?
    (a) બ્રહ્મદેશ (b) ઈન્ડોનેશિયા (c) સિલોન(શ્રીલંકા) (d) સુમાત્રા
19. ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયાં આવેલો છે ?
    (a) અમરેલીમાં (b) જુનાગઢમાં (c) સુરેન્દ્રનગરમાં (d) રાજકોટમાં
20. પૂર આવે ત્યારે શું કરવું ?
    (a) પાણીનો સંગ્રહ કરવો (b) ઉકાળેલું પાણી જ પીવું
    (c) કાચની બારીઓથી દૂર રહેવું (d) ઝડપથી ઘરની બહાર નીકળી જવું
21. ઘરમાં આગ લાગે ત્યારે શું કરવું ?
    (a) ઉકાળેલું પાણી પીવું (b) વરસાદનું પાણી નકામ વહી જતું અટકાવવું
    (c) પાણીનો સંગ્રહ કરવો. (d) ઝડપથી ઘરની બહાર નીકળી જવું
22. ભારતના દરેક નાગરિકને કેટલા વર્ષની ઉમરે મતદાનનો અધિકાર મળે છે ?
    (a) 18 (b) 16 (c) 14 (d) 22

Download From : http//www.Edumatireals.in

Download From : http//www.Edumatireals.in

23. ગુપ્તયુગમાં કયા મહાન ગણિતશાસ્ત્રી થઈ ગયા ?
(a) બ્રહ્મગુપ્ત (b) આર્યભટ્ટ (c) ચરક (d) ભાસ્કરાચાર્ય

24. મગધ સામ્રાજયમાં ગપ્તવંશની સ્થાપના કોણે કરી હતી ?
(a) શ્રી ગુપ્તે (b) ચંદ્રગુપ્ત પહેલાએ (c) કુમાર ગુપ્તે (d) સમુદ્રગુપ્તે

25. કયા યુગને ભારતીય સંસ્કૃતિનો 'સુર્વણયુગ' કહવામાં આવે છે ?
(a) કુષાણયુગને (b) મૌર્યયુગને (c) ચોલયુગને (d) ગુપ્તયુગને

26. ગુપ્તયુગના કયા ગણિતશાસ્ત્રીએ દશાંશપધ્ધતિ અને શૂન્યની શોધ કરી હતી ?
(a) ભાસ્કરાચાર્યે (b) વરાહમિહિરે (c) બ્રહ્મગુપ્તે (d) આયભટ્ટ

27. ઓસ્ટ્રેલિયા ખંડની વસ્તી ભારતના કયા રાજયની વસ્તી જેટલી છે ?
(a) આંધ્રપ્રદેશ (b) મધ્યપ્રદેશ (c) ઉતરપ્રદેશ (d) અરૂણાચલ પ્રદેશ

28. એન્ટાક્ટિકા ખંડમાં ભારતે નીચેનાં પૈકી કયું સંશોધન કેન્દ્ર સ્થાપ્યું છે ?
(a) કાવેરી સંશોધન કેન્દ્ર (b) જમનોત્રી સંશોધન કેન્દ્ર
(c) ગંગોત્રી સંશોધન કેન્દ્ર (d) એવરેસ્ટ સેશોધન કેન્દ્ર

29. નીચેના પૈકી કયું શહેર ઓસ્ટ્રેલિયાની રાજધાની છે ?
(a) કેનબરા (b) પર્થ (c) સિડની (d) મેલબર્ન

30. ભરવાડોનું કયું નૃત્ય તેમની આગવી ઓળખ ધરાવે છે ?
(a) ઘેર (b) હુડો (c) ટીમલી (d) હોળી

**પ્ર.2 નીચે આપેલા પ્રશ્નોનાં એક—બે વાકયમાં ઉત્તર આપો : (કોઈપણ દસ)** **[10]**

1. આપણા જળસ્ત્રોતો કયા કયા છે ?
2. ગુજરાતમાં થતા પાકોના નામ લખો.
3. વેદો કેટલા છે ? કયા કયા ?
4. ગુજરાતની અંતઃસ્થ નદીઓ કઈ – કઈ છે ?
5. 'જનપદ'નો શો અર્થ થાય છે ?
6. પંચાયતી રાજનાં ત્રણ સ્તરો કયા કયા છે ?
7. 'ખેત તલાવડી' એટલે શું ?
8. શહેર વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કઈ – કઈ છે ?
9. વર્ધમાનનાં માતા—પિતાનાં નામ જણાવો.
10. ગુજરાતમાં પ્રદેશવાર કઈ —કઈ વિવિધતા જોવા મળે છે ?
11. મગધ સામ્રાજયની રાજધાનીનું નામ શું હતું ?
12. ચંદ્રગુપ્ત બીજો કયા નામથી ઓળખાય છે ?

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોનાં પાંચ—છ વાકયમાં ઉત્તર આપો : (કોઈપણ દસ)** **[20]**

1. કયા ત્રણ દેવોનું સૌથી વધુ મહત્વ છે ?
2. ગુજરાતમાં કયાં—કયાં સરોવરો આવેલાં છે ?
3. ગુજરાતની મહત્વની સિંચાઈ યોજનાઓ કઈ – કઈ છે ?
4. ગણરાજયોનું પતન કેમ થયું ?
5. લોકઅદાલતો વિશે ટુંકનોંધ લખો.
6. જિલ્લાપંચાયતના ત્રણ—ચાર કાર્યો જણાવો.
7. ઉદ્યોગની વ્યાખ્યા લખી તેમના પ્રકારનો જણાવો.
8. નગરપાલિકાની આવકનાં પાંચ સાધનો જણાવો.
9. તમે કયાં—કયાં વેરાઓ ભરો છો ?
10. સમ્રાટ અશોકે શિલાલેખોમાં શું કોતરાવ્યું ?
11. આપતિની વ્યાખ્યા લખી કોઈપણ ચાર કુદરતી આપતિનાં નામ લખો.
12. આપણી મૂળભુત ફરજો કઈ – કઈ છે ?

**પ્ર.4 (અ) નીચે આપેલી ટૂંકનોંધ લખો :(કોઈપણ એક)** **[03]**

1. ગૌતમ બુધ્ધ
2. મહાવીર સ્વામી

Download From : http//www.Edumatireals.in
Download From : http//www.Edumatireals.in

(બ) નીચે આપેલા જોડકાં જોડો : [03]

| વિભાગ – અ | વિભાગ – બ |
|---|---|
| 1) કાલિદાસ | 1) કાંગારું |
| 2) ઓસ્ટ્રેલિયાનું વિશિષ્ટ પ્રાણી | 2) આણંદ |
| 3) અમૂલ | 3) મહાકવિ |

(ક) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો : (કોઈપણ ત્રણ) [09]

1. આબોહવા માનવજીવન પર કઈ–કઈ અસરો થાય છે ?
2. ગુપ્તયુગની વૈજ્ઞાનિક ક્ષેત્રે શી સિધ્ધિઓ હતી ?
3. ઓસ્ટ્રેલિયા ખંડ અને એન્ટાર્કટિકા ખંડ વચ્ચે શું સામ્ય છે ?
4. ઋગ્વેદ વિશે પરિચય આપો.

(ડ) ગુજરાતના નકશામાં નીચેની વિગતો પૂરો : [05]

1. બધા જ જિલ્લાઓના નામ લખો.
2. અરબસાગર, કચ્છનો અખાત, ખંભાતનો અખાત દર્શાવો.
3. કર્કવૃત, પાકિસ્તાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન દર્શાવો.
4. મગફળી, બાજરી, ઘડિયાળ, સાસણગીર (એકક્ષેત્ર) દર્શાવો.

**Best of Luck**

Download From : http//www.Edumatireals.in

Download From : http//www.Edumatireals.in

www.Edumatireals.in